## આજ્ઞાકારી જ સર્વશક્તિઓ નાં અધિકારી

આજે સર્વશક્તિઓનાં દાતા બાપદાદા પોતાની શક્તિ સેના ને જોઈ રહ્યાં છે. સર્વ શક્તિવાન બાપે સર્વ બ્રાહ્મણ આત્માઓને સમાન સર્વશક્તિઓ નો વારસો આપ્યો છે. કોઈને ઓછી શક્તિ કે કોઈને વધારે-આ અંતર નથી કર્યુ. બધાંને એક દ્વારા, એક સાથે, એક સમાન શક્તિઓ આપી છે. તો પરિણામ જોઈ રહ્યાં હતાં કે એક સમાન મળવા છતાં પણ અંતર કેમ છે? કોઈ સર્વ શક્તિ સંપન્ન બન્યાં અને કોઈ ફક્ત શક્તિ સંપન્ન બન્યાં છે, સર્વ નહીં. કોઈ સદા સર્વ શક્તિ સ્વરુપ બન્યાં, કોઈ ક્યારેક-ક્યારેક શક્તિ સ્વરુપ બન્યાં છે. કોઈ બ્રાહ્મણ આત્માઓ પોતાની સર્વ-શક્તિવાન ની ઓથોરિટી (સત્તા) થી જે સમયે, જે શક્તિને ઓર્ડર (હુકમ) કરે છે તે શક્તિ રચના નાં રુપ માં માસ્ટર રચતા નાં સામે આવે છે. ઓર્ડર કર્યો અને હાજર થઈ જાય છે. કોઈ ઓર્ડર કરે છે પરંતુ સમય પર શક્તિઓ હાજર નથી થતી, 'જી-હાજર' નથી થતી. એનું કારણ શું? કારણ છે જે બાળકો સર્વશક્તિવાન બાપ, જેને હજુર પણ કહે છે, હાજીર-નાઝિર પણ કહે છે તો જે બાળકો હજુર અર્થાત્ બાપનાં દરેક કદમ ની શ્રીમત પર, દરેક સમયે 'જી-હાજર' અથવા દરેક આજ્ઞામાં 'જી-હાજર' પ્રેક્ટિકલ (વ્યવહાર) માં કરે છે, તો 'જી-હાજર' કરવા વાળા ની આગળ દરેક શક્તિ પણ 'જી-હાજર' અથવા 'જી માસ્ટર હજુર' કરે છે.

જો કોઈ આત્માઓ શ્રીમત અથવા આજ્ઞા જે સહજ પાલન કરી શકે છે તે કરે છે અને જે મુશ્કેલ લાગે છે તે નથી કરી શકતાં-થોડું કર્યુ, થોડું ન કર્યુ, ક્યારેક 'જી-હાજર', ક્યારેક 'હાજર' આનું પ્રત્યક્ષ સબૂત અથવા પ્રત્યક્ષ પ્રમાણ રુપ છે કે એવાં આત્માઓ ની આગળ સર્વ શક્તિઓ પણ સમય પ્રમાણે હાજર નથી થતી. જેવી રીતે કોઈ પરિસ્થિતિ પ્રમાણે સમાવવા ની શક્તિ જોઈએ તો સંકલ્પ કરશે કે અમે અવશ્ય સમાવવા ની શક્તિ દ્વારા આ પરિસ્થિતિને પાર કરીશું, વિજયી બનીશું. પરંતુ થાય છે શું? સેકન્ડ (બીજાં) નંબર વાળા અર્થાત્ ક્યારેક-ક્યારેક વાળા સમાવવાની શક્તિનો પ્રયોગ કરશે, ૧૦ વાર સમાવશે પરંતુ સમાવવા છતાં પણ એક-બે વાર સમાવા ઈચ્છતા પણ સમાવી નહીં શકે. પછી શું વિચારે છે? મેં કોઈને નથી સંભળાવ્યું, મેં સમાવ્યું પરંતુ આ સાથે હતાં, મારા સહયોગી હતાં, નજીક હતાં એમને ફક્ત ઈશારો આપ્યો. સંભળાવ્યું નથી, ઈશારો આપ્યો. કોઈ શબ્દ બોલવા નહોતાં ઈચ્છતાં, ફક્ત એક-અડધો શબ્દ નીકળી ગયો. તો એને શું કહેવાશે? સમાવવું કહેવાશે? ૧૦ ની આગળ તો સમાવ્યું અને એક-બે ની આગળ સમાવી નથી શકતાં, તો એને શું કહેશો? સમાવવાની શક્તિએ ઓર્ડર માન્યો? જ્યારે કે પોતાની શક્તિ છે, બાપે વારસા માં આપી છે, તો બાપ નો વારસો બાળકો નો વારસો થઈ જાય. પોતાની શકિત પોતાનાં કામમાં ન આવે તો એને શું કહેવાશે? ઓર્ડર માનવા વાળી કે ઓર્ડર ન માનવા વાળી કહેવાશે?

આજે બાપદાદા સર્વ બ્રાહ્મણ આત્માઓ ને જોઈ રહ્યાં હતાં કે ક્યાં સુધી સર્વ શક્તિઓનાં અધિકારી બન્યાં છે. જો અધિકારી નથી બન્યાં, તો એ સમયે પરિસ્થિતિ નાં અધિન બનવું પડે. બાપદાદા ને સૌથી વધારે રહેમ એ સમયે આવે છે જ્યારે બાળકો કોઈ પણ શક્તિને સમય પર કાર્યમાં નથી લગાવી શકતાં. એ સમયે શું કરે છે? જ્યારે કોઈ વાત સામનો કરે તો બાપનાં સામે કયા રુપ માં આવે છે? જ્ઞાની-ભક્ત નાં રુપ માં આવે છે. ભક્તો શું કરે છે? ભક્ત ફક્ત પોકારતા રહે છે કે આ આપી દો. ભાગે બાપની પાસે છે, અધિકાર બાપ પર રાખે છે પરંતુ રુપ હોય છે રોયલ ભક્ત નું. અને જ્યાં અધિકારી નાં બદલે જ્ઞાની-ભક્ત અથવા રોયલ ભક્ત નાં રુપ માં

આવે છે, તો જ્યાં સુધી ભક્તિ નો અંશ છે, તો ભક્તિ નું ફળ સદ્ગતિ અર્થાત્ સફળતા, સદ્ગતિ અર્થાત્ વિજય નથી પ્રાપ્ત કરી શકતાં કારણ કે જ્યાં ભક્તિનો અંશ રહી જાય ત્યાં ભક્તિનું ફળ જ્ઞાન અર્થાત્ સર્વ પ્રાપ્તિ નથી થઈ શકતી, સફળતા નથી મળી શકતી. ભક્તિ અર્થાત્ મહેનત અને જ્ઞાન અર્થાત્ મહોબ્બત. જો ભક્તિ નો અંશ છે તો મહેનત જરુર કરવી પડે અને ભક્તિનાં રીત-રિવાજ છે કે જ્યારે ભીડ (મુસીબત) પડશે ત્યારે ભગવાન યાદ આવશે, નહીં તો અલબેલા રહેશે. જ્ઞાની -ભક્ત પણ શું કરે છે? જ્યારે કોઈ વિઘ્ન આવશે તો વિશેષ યાદ કરશે.

એક છે સેવા પ્રતિ યાદ માં બેસવું અને બીજું છે સ્વ ની કમજોરી ને ભરવા માટે યાદ માં બેસવું. બંનેમાં અંતર છે. જેવી રીતે હમણાં પણ વિશ્વ પર અશાંતિનું વાયુમંડળ છે તો સેવા પ્રતિ સંગઠિત રુપમાં વિશેષ યાદનાં પ્રોગ્રામ (કાર્યક્રમ) બનાવો છો, તે અલગ વાત છે. એ તો દાતા બની આપવા માટે કરો છો. તે માંગવા માટે નથી કરતાં, બીજાઓને આપવા માટે કરો છો. તો આ થયું સેવા પ્રતિ. પરંતુ પોતાની કમજોરી ભરવાનાં પ્રતિ સમય પર વિશેષ યાદ કરો છો બાકી આમ તો અલબેલાપણા ની યાદ હોય છે. યાદ હોય છે, ભૂલતાં નથી પરંતુ અલબેલાપણા ની યાદ આવે છે-અમે તો છીએ જ બાબાનાં, બીજું છે જ કોણ. પરંતુ યથાર્થ શક્તિશાળી યાદ નું પ્રત્યક્ષ-પ્રમાણ સમય પ્રમાણે શક્તિ હાજર થઈ જાય. કેટલું પણ કોઈ કહે કે હું તો યાદ માં રહું જ છું પરંતુ યાદ નું સ્વરુપ છે સફળતા. એવું નહીં જે સમયે યાદ માં બેસો એ સમયે ખુશી પણ અનુભવ થાય, શક્તિ પણ અનુભવ થાય અને જ્યારે કર્મ માં, સંબંધ-સંપર્ક માં આવો એ સમયે સદા સફળતા નથી થતી. તો એને કર્મયોગી નહીં કહેવાશે. શક્તિઓ શસ્ત્ર છે અને શસ્ત્ર કયા સમય નાં માટે હોય છે? શસ્ત્ર સદા સમય પર કામમાં લેવાય છે.

યથાર્થ યાદ અર્થાત્ સર્વ શક્તિ સંપન્ન. સદા શક્તિશાળી શસ્ત્ર હોય. પરિસ્થિતિ રુપી દુશ્મન આવે અને શસ્ત્ર કામમાં ન આવ્યાં, તો એને શું કહેવાશે? શક્તિશાળી કે શસ્ત્રધારી કહેશો? દરેક કર્મમાં યાદ અર્થાત્ સફળતા હોય. આને કહેવાય છે કર્મયોગી. ફક્ત બેસવાનાં સમયનાં યોગી નથી. તમારા યોગ નું નામ બેઠા-બેઠા યોગી છે કે કર્મયોગી નામ છે? કર્મયોગી છો ને. નિરંતર કર્મ છે અને નિરંતર કર્મયોગી છો. જેવી રીતે કર્મ વગર એક સેકન્ડ પણ રહી નથી શકતાં, ભલે સૂતેલા છો તો તે પણ સૂવાનું કર્મ કરી રહ્યાં છો ને. તો જેવી રીતે કર્મ વગર રહી નથી શકતાં તેવી રીતે દરેક કર્મ યોગ નાં વગર નથી કરતાં. આને કહેવાય છે કર્મયોગી. એવું નહીં સમજો કે વાત જ એવી હતી ને, પરિસ્થિતિ જ એવી હતી, સમસ્યા જ એવી હતી, વાયુમંડળ એવું હતું. આ જ તો દુશ્મન છે અને એ સમયે કહો દુશ્મન આવી ગયો, એટલે તલવાર ચલાવી ન શક્યાં, તલવાર કામમાં લગાવી ન શક્યાં, કે તલવાર યાદ જ ન આવી, કે તલવારે કામ ન કર્યુ તો એવાં ને શું કહેવાશે? શસ્ત્રધારી શક્તિ-સેના છો? તો સેના ની શક્તિ શું હોય છે? શસ્ત્ર. અને શસ્ત્ર છે સર્વ શક્તિઓ. તો પરિણામ શું જોયું? મેજોરીટી (અધિકાંશ) સદા સમય પર સર્વશક્તિઓ ને ઓર્ડર પર ચલાવી શકે, એમાં કમી દેખાણી. સમજે પણ છે પરંતુ સફળતા-સ્વરુપ માં સમય પ્રમાણે અથવા તો શક્તિહીન બની જાય છે અથવા થોડો એવો સફળતા નો અનુભવ કરી તરત સફળતાની તરફ ચાલી પડે છે. ત્રણ પ્રકાર નાં જોયાં.

**એક -** એ જ સમયે દિમાગ (બુદ્ધિ) દ્વારા સમજે છે કે આ ઠીક નથી, ન કરવું જોઈએ પરંતુ એ સમજને શક્તિ-સ્વરુપ માં બદલી નથી શકતાં.

**બીજા છે -** જે સમજે પણ છે પરંતુ સમજવા છતાં પણ સમય તથા સમસ્યા પૂરી થયા પછી વિચારે છે. તે થોડાં સમય માં વિચારે છે, આ પૂરું થયા પછી વિચારે.

**ત્રીજા -** મહેસુસ (અનુભૂતિ) જ નથી કરતા કે આ ખોટું છે, સદા પોતાનાં ખોટાં ને સાચ્ચુ જ સિધ્ધ કરે છે અર્થાત્ સત્યતા ની મહેસૂસતા શક્તિ નથી. તો પોતાને ચેક કરો કે હું કોણ છું?

બાપદાદાએ જોયું કે વર્તમાન સમય નાં પ્રમાણે સદા અને સહજ સફળતા કયા બાળકોએ પ્રાપ્ત કરી છે. એમાં પણ અંતર છે. એક છે સહજ સફળતા પ્રાપ્ત કરવાવાળા અને બીજા છે મહેનત અને સહજ - બંનેની પછી સફળતા મેળવવા વાળા. જે સહજ અને સદા સફળતા પ્રાપ્ત કરે છે એમનો મૂળ આધાર શું જોયો? જે આત્માઓ સદા સ્વયંને નિર્માન-ચિત્ત ની વિશેષતાથી ચલાવતા રહે છે, એ જ સહજ સફળતા ને પ્રાપ્ત થતાં આવ્યાં છે. 'નિર્માન' શબ્દ એક છે પરંતુ નિર્માન-સ્થિતિ નો વિસ્તાર અને નિર્માન-સ્થિતિ નાં સમય પ્રમાણે પ્રકાર...તે ઘણાં છે. એનાં પર પછી કોઈ સમયે સંભળાવશે. પરંતુ આ યાદ રાખજો કે નિર્માન બનવું જ સ્વમાન છે અને સર્વ દ્વારા માન પ્રાપ્ત કરવાનું સહજ સાધન છે. નિર્માન બનવું નમવું નથી પરંતુ સર્વને પોતાની વિશેષતા અને પ્રેમ માં નમાવવા છે. સમજ્યાં?

બધાંએ પરિણામ સાંભળ્યું. સમય તમારી પ્રતિક્ષા કરી રહ્યો છે અને તમે શું કરી રહ્યાં છો? તમે સમયની પ્રતિક્ષા કરી રહ્યાં છો? માલિક નાં બાળક છો ને. તો સમય તમારી પ્રતિક્ષા કરી રહ્યો છે કે આ મારા માલિક મુજ સમય ને પરિવર્તન કરશે. તે પ્રતિક્ષા કરી રહ્યો છે અને તમારે પ્રબંધ કરવાનો છે, પ્રતિક્ષા નથી કરવાની. સર્વને સંદેશ આપવાનો અને સમયને સંપન્ન બનાવવાનો પ્રબંધ કરવાનો છે. જ્યારે બંને કાર્ય સંપન્ન થાય ત્યારે સમય ની પ્રતિક્ષા પૂરી થાય. તો એવો પ્રબંધ બધાં કરી રહ્યાં છો? કઈ ગતિ થી? સમયને જોઈ તમે પણ કહો છો કે બહુજ ફાસ્ટ (ઝડપી) સમય વીતી રહ્યો છે. આટલાં વર્ષ કેવી રીતે પૂરાં થઇ ગયાં, વિચારો છો ને! અવ્યક્ત બાપ ની પાલના ને કેટલાં વર્ષ થઈ ગયાં! કેટલો ફાસ્ટ સમય ચાલ્યો! તો તમારી ગતિ શું છે? ફાસ્ટ છે? કે ફાસ્ટ ચાલીને ક્યારેક-ક્યારેક થાકી જાઓ છો, પછી આરામ કરો છો? કરી રહ્યાં છીએ આ તો ડ્રામા નાં બંધનમાં બંધાયેલા જ છો. પરંતુ ગતિ શું છે, એને ચેક કરો. સેવા થઈ રહી છે, પુરુષાર્થ થઇ રહ્યો છે, આગળ વધી રહ્યાં છો, આ તો ઠીક છે. તો હવે ગતિ ને ચેક કરો, ફક્ત ચાલવાનું ચેક નહીં કરો. ગતિને ચેક કરો, સ્પીડ ને ચેક કરો, સમજ્યાં? બધાં પોતાનું કામ કરી રહ્યાં છો ને. અચ્છા!

ચારેય તરફનાં સદા બાપની આગળ 'જી-હાજર' કરવાવાળા, સદા માસ્ટર સર્વ શક્તિવાન બની સર્વશક્તિઓને સ્વયં નાં ઓર્ડરમાં ચલાવવા વાળા, સર્વશક્તિઓ 'જી- હાજર' નો પાર્ટ ભજવવા વાળી-એવાં સદા સફળતા મૂર્ત આત્માઓ, સદા દરેક કર્મ માં યાદનું સ્વરુપ અનુભવ કરવા વાળા અને કરાવવા વાળા-એવાં અનુભવી આત્માઓ ને સદા દરેક કર્મ માં, સંબંધ માં, સંપર્ક માં નિર્માન બની વિજયી-રતન બનવા વાળા, એવાં સહજ સફળતામૂર્ત શ્રેષ્ઠ બાળકોને બાપદાદા નાં યાદ-પ્યાર અને નમસ્તે.

**અવ્યક્ત બાપદાદા ની પર્સનલ (વ્યક્તિગત) મુલાકાત**

**સાધારણ કર્મ માં પણ ઊંચી સ્થિતિ ની ઝલક દેખાડવી જ ફોલો ફાધર કરવું (પિતા ને અનુસરવું) છે**

સદા સંગમયુગી પુરષોત્તમ આત્મા છીએ એવો અનુભવ કરો છો? સંગમયુગ નું નામ જ છે પુરુષોત્તમ અર્થાત્

પુરુષો માં ઉત્તમ પુરુષ બનાવવા વાળો યુગ. સંગમયુગી છો? તમે બધાં પુરુષોત્તમ બન્યાં છો ને. આત્મા પુરુષ છે અને શરીર પ્રકૃતિ છે. તો પુરુષોત્તમ અર્થાત્ ઉત્તમ આત્મા છું. સૌથી નંબર વન પુરુષોત્તમ કોણ છે? (બ્રહ્મા બાબા) એટલે બ્રહ્માને આદિ દેવ કહેવાય છે. 'ફરીશ્તા બ્રહ્મા' પણ ઉત્તમ થઈ ગયાં અને પછી ભવિષ્ય માં દેવ આત્મા બનવાનાં કારણે પુરષોત્તમ બની જાય છે. લક્ષ્મી-નારાયણ ને પણ પુરુષોત્તમ કહેવાશે ને. તો પુરુષોત્તમ યુગ છે, પુરુષોત્તમ હું આત્મા છું. પુરુષોત્તમ આત્માઓનું કર્તવ્ય પણ સર્વશ્રેષ્ઠ છે. ઉઠ્યા, ખાધું-પીધું, કામ કર્યુ આ સાધારણ કર્મ નહીં, સાધારણ કર્મ કરતા પણ શ્રેષ્ઠ સ્મૃતિ, શ્રેષ્ઠ સ્થિતિ હોય. જે જોતાં જ મહેસુસ કરે કે આ કોઈ સાધારણ વ્યક્તિ નથી. જેમકે જે અસલી હીરો હશે તે કેટલો પણ ધૂળ માં છુપાયેલો હોય, પરંતુ પોતાની ચમક જરુર દેખાડશે, છુપાઈ નહીં શકે. તો તમારું જીવન હીરા તુલ્ય છે ને.

કેવાં પણ વાતાવરણ માં હોવ, કેવાં પણ સંગઠન માં હોવ પરંતુ જેમ હીરો પોતાની ચમક છુપાવી નથી શકતો, એમ પુરુષોત્તમ આત્માઓ ની શ્રેષ્ઠ ઝલક બધાંને અનુભવ થવી જોઈએ. કે એવું છે કે ઓફિસ માં જઈને, કામમાં જઈને તમે પણ તેવાં જ સાધારણ થઈ જાઓ છો? હમણાં ગુપ્ત માં છો, કામ પણ સાધારણ છે એટલે પાંડવો ને ગુપ્ત રુપ માં દેખાડ્યાં છે. ગુપ્ત રુપમાં રાજાઈ નથી કરી, સેવા કરી. તો બીજાઓ નાં રાજ્ય માં ગવર્મેન્ટ-સર્વેન્ટ (સરકારી સેવક) કહેવાઓ છો ને. ભલે કેટલાં પણ મોટાં ઓફિસર હોય પરંતુ સર્વેન્ટ જ છે ને. તો ગુપ્ત રુપ માં તમે બધાં સેવાધારી છો પરંતુ સેવાધારી હોવા છતાં પણ પુરુષોત્તમ છો. તો તે ઝલક અને ફલક દેખાઇ આવે (દિખાય).

જેવી રીતે બ્રહ્મા બાપ સાધારણ તનમાં હોવા છતાં પણ પુરુષોત્તમ અનુભવ થતાં હતાં. બધાએ સાંભળ્યું છે ને. જોયું છે કે સાંભળ્યું છે? હમણાં પણ અવ્યક્ત રુપમાં પણ જુઓ છો-સાધારણ માં પુરુષોત્તમ ની ઝલક છે! તો ફોલો ફાધર છે ને. એવું નહીં કે સાધારણ કામ કરી રહ્યાં છો. માતાઓ ખાવાનું બનાવી રહી છે, કપડાં ધોઈ રહી છે - કામ સાધારણ હોય પરંતુ સ્થિતિ સાધારણ નહીં, સ્થિતી મહાન હોય. એવું છે? કે સાધારણ કામ કરતા સાધારણ બની જાઓ છો? જેવાં બીજા, તેવાં અમે-નહીં. ચહેરા પર તે શ્રેષ્ઠ જીવનનો પ્રભાવ હોવો જોઈએ. આ ચહેરો જ દર્પણ છે ને. એનાંથી જ તમારી સ્થિતિ ને જોઈ શકાય છે. મહાન છે કે સાધારણ છે, આ એ જ ચહેરા નાં દર્પણ થી જોઈ શકાય છે. સ્વયં પણ જોઈ શકો છો અને બીજા પણ જોઈ શકે છે. તો એવો અનુભવ કરો છો? સદૈવ સ્મૃતિ અને સ્થિતિ શ્રેષ્ઠ હોય. સ્થિતિ શ્રેષ્ઠ છે તો ઝલક ઓટોમેટિકલી (આપમેળે) શ્રેષ્ઠ થશે.

જે સમાન સ્થિતિ વાળા છે તે સદા બાપની સાથે રહે છે. શરીરથી ભલે કોઈ પણ ખૂણા માં બેઠા હોય, કિનારે બેઠા હોય, પાછળ બેઠા હોય પરંતુ મનની સ્થિતિમાં સાથે રહો છો ને. સાથે એ જ રહેશે જે સમાન હશે. સ્થૂળ માં ભલે સામે પણ બેઠા હોય પરંતુ સમાન નથી તો સદા સાથે નથી રહેતાં, કિનારા પર રહે છે. તો સમીપ રહેવું અર્થાત્ સમાન સ્થિતિ બનાવવી તેથી સદા બ્રહ્મા બાપ સમાન પુરુષોત્તમ સ્થિતિમાં સ્થિત રહો. ઘણાં બાળકો ની ચલન અને ચહેરો લૌકિક રીતે પણ બાપ સમાન હોય છે તો કહે છે આ તો જેમકે બાપ જેવાં છે. તો અહીં ચહેરા ની વાત તો નથી પરંતુ ચલન નું ચિત્ર છે. તો દરેક ચલન થી બાપનો અનુભવ થાય આને કહેવાય છે બાપ સમાન. તો પાસે રહેવાનું ઈચ્છો છો કે દૂર? આ એક જન્મમાં સંગમ પર સ્થિતિ માં જે સમીપ રહે છે, તે પરમધામ માં પણ સમીપ છે અને રાજધાની માં પણ સમીપ છે. એક જન્મ ની સમીપતા અનેક જન્મ સમીપ બનાવી દેશે.

દરેક કર્મ ને ચેક કરો. બાપ સમાન છે તો કરો, નહીં તો ચેન્જ કરી (બદલી) દો. પહેલાં ચેક કરો, પછી કરો. એવું

નહીં, કર્યા પછી ચેક કરો કે આ ઠીક નહોતું. જ્ઞાની નું લક્ષણ છે-પહેલાં વિચારે પછી કરે. અજ્ઞાની નું લક્ષણ છે-કરીને પછી વિચારે. તો તમે "જ્ઞાની તું આત્મા" છો ને. કે ક્યારેક-કયારેક ભક્ત બની જાઓ છો? પંજાબ વાળા તો બહાદુર છે ને. મન થી પણ બહાદુર. નાની એવી માયા કીડી નાં રુપમાં આવે અને ગભરાઈ જાય, નહીં. ચેલેન્જ (પડકાર) કરવા વાળા. સ્ટુડન્ટ (વિદ્યાર્થી) ક્યારેય પેપર થી ગભરાય છે? તો તમે બહાદુર છો કે નાનાં એવાં પેપરમાં પણ ગભરાવા વાળા છો? જે યોગ્ય સ્ટુડન્ટ હોય છે તે આહવાન કરે છે જલ્દી થી પેપર થાય (આવે) અને ક્લાસ આગળ વધે. જે કમજોર હોય છે તે વિચારે છે કે તારીખ આગળ વધે. તમે તો હોશિયાર છો ને.

આ નિશ્ચિય પાક્કો હોય કે અમે જ કલ્પ-કલ્પ નાં વિજયી છીએ અને અમે જ વારંવાર બનીશું. એટલો પુરુષાર્થ કર્યો છે? તમે નહીં બનો તો કોણ બનશે? તમે જ વિજયી બન્યાં હતાં, વિજયી બન્યાં છો અને વિજયી રહેશો. 'વિજયી' શબ્દ બોલવાથી જ કેટલી ખુશી થાય છે! ચહેરો બદલાઈ જાય છે ને. જે સદા વિજયી રહે તે કેટલાં ખુશ રહે છે! એટલે જ્યારે પણ કોઈ કોઈપણ ક્ષેત્રમાં વિજય પ્રાપ્ત કરે છે તો ખુશી નાં વાજા વાગે છે. તમારા તો સદા વાજા વાગે છે. ક્યારેય પણ ખુશી નાં વાજા બંધ નહીં થાય. અડધાકલ્પ માટે રડવાનું બંધ થઇ ગયું. જ્યાં ખુશીના વાજા વાગે છે ત્યાં રડવાનું નથી હોતું. અચ્છા!

**વરદાન :- દેહ-અહંકાર અથવા અભિમાન નાં સૂક્ષ્મ અંશ નો પણ ત્યાગ કરવા વાળા આકારી સો નિરાકારી ભવ**

ઘણાઓ નો મોટાં રુપથી દેહ નાં આકાર માં લગાવ તથા અભિમાન નથી પરંતુ દેહ નાં સંબંધથી પોતાનાં સંસ્કાર વિશેષ છે, બુદ્ધિ વિશેષ છે, ગુણ વિશેષ છે, કળાઓ વિશેષ છે, કોઈ શક્તિ વિશેષ છે-એનું અભિમાન અર્થાત્ અહંકાર, નશો, રુઆબ - આ સૂક્ષ્મ  દેહ-અભિમાન છે. તો આ અભિમાન ક્યારેય પણ આકારી તથા નિરાકારી બનવા નહીં દેશે, એટલે એનાં અંશ માત્ર નો પણ ત્યાગ કરો તો સહજ જ આકારી સો નિરાકારી બની શકશો.

**સ્લોગન :-** સમય પર સહયોગી બનો તો પદમગણું રિટર્ન મળી જશે.

**સુચના :-** આજે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ત્રીજો રવિવાર છે, સાંજે ૬:૩૦ થી ૭:૩૦ વાગ્યાં સુધી બધાં ભાઈ બહેનો યોગ અભ્યાસ માં આ જ શુભ સંકલ્પ કરે કે મુજ આત્મા દ્વારા પવિત્રતા ની કિરણો નીકળી ને આખાં વિશ્વ ને પાવન બનાવી રહી છે. હું માસ્ટર પતિત-પાવની આત્મા છું.